RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સંચાલિત



# પંચોલી નવયુગ

મે-૨૦૧૮ અંક - ૫
વર્ષ ૫૫ સળંગઅંક ૪૫૨
માસિક કિંમત-૧૦ વાર્ષિક લવાજમ-૧૦૦/-રૂા.

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : મલયકુમાર દિનેશકુમાર મિસ્ત્રી

Email : infospssmm@gmail.com
Web site : www. pancholisamaj.org

## નવયુગ શુભેચ્છક

### માતુશ્રીની ૧૫મી પૂણ્યતીથીએ શ્રધ્ધાસુમન



**અક્ષરવાસી. મોહનલાલ વલ્લભરામ મિસ્ત્રી**

**અક્ષરવાસી અ.સૌ. ધીરજબેન મોહનલાલ મિસ્ત્રી**
**અક્ષરવાસ : ૨૫.૦૫.૨003**

નાનકડો પણ ઉત્તમ શબ્દ ‘બા’ થી શ્રેષ્ઠ ન બીજો શબ્દ.
બચપણથી ‘બા’ શબ્દ ગમ્યો, અંદર રગ રગ રમ્યા કર્યો.
‘બા’ શબ્દ છે સઘળો સાર, એ વિના બીજુ નિસ્સાર.
ના જાણું ભકિત કે ધ્યાન, તારૂં રહો ‘બા’ અનુસંધાન.
પંદરમી પૂણ્યતિથિએ શ્રદ્ધાસુમન અર્પણ કરીએ છીએ....

**અર્પણકર્તા**

ડો. મહેશભાઈ એમ. મિસ્ત્રી    મીરાબેન મહેશભાઈ મિસ્ત્રી
શ્રી મૌલિક મહેશભાઈ મિસ્ત્રી    નિપા મૌલિક મિસ્ત્રી
ચિ. રીવાંશી મૌલિક મિસ્ત્રી
ડો. વિસ્મય મહેશભાઈ મિસ્ત્રી    ખુશ્બુ વિસ્મય મિસ્ત્રી
ચિ. ધ્યાન વિસ્મય મિસ્ત્રી
ઘર : એ-૫૪, અંબે ગ્રીન સીટી, સનાતન સ્કૂલની પાસે,
વાલીયા રોડ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
દવાખાનું: જોષીયા ફળીયા, અંકલેશ્વર
ફોન : ૨૪૬૫૧૧, મો. ૯૮૨૫૨ ૮૨૭૮૯

શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી    દક્ષાબેન દિનેશભાઈ મિસ્ત્રી
શ્રી મલય દિનેશ મિસ્ત્રી    ભાવના મલય મિસ્ત્રી
ચિ. અક્ષત તથા ચિ. જાનવી
શ્રી સ્વપ્નીલ ડી. પંચોલી    બિન્ની સ્વપ્નીલ પંચોલી
ચિ. ધ્યાની સ્વપ્નીલ પંચોલી
ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, હર્ષ પાર્ક, મેઘા ઓટોમોબાઈલ્સ
શો રૂમ સામે, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર
મો. : ૯૮૨૪૧ ૭૧૯૩૦

અનુરાધાબેન મનુભાઈ મિસ્ત્રી

## નવયુગ શુભેચ્છક

### ૩૩મી પૂણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



**સ્વ.ભીખાભાઈ ઈશ્વરભાઈ પંચોલી**
જન્મ.તા.૦૧/૧૧/૧૯૨૮    અ.વા.તા. ૨૩/૦૫/૧૯૮૫

આજે પણ તમારા સત્કર્મોની સુવાસ ચો તરફ માણી શકાય છે
આજે પણ સમગ્ર પરિવાર તમારી પ્રત્યક્ષ ન હોવાની
ખોટ અનુભવી રહ્યો છે. આજે પણ તમારી દરેક દીકરીઓ
જીવનની દરેક સફળતામાં તમારા આશીર્વાદ પામી
ધન્યતા અનુભવી રહી છે.
‘જીવન કેટલું જીવ્યા એ મહત્વનું નથી પરંતુ,
કેવું જીવ્યા, કોના માટે જીવ્યા તે મહત્વનું છે.’
આ વાત તમે તમારા ટૂંકા પરંતુ શ્રેષ્ઠ જીવનકાળ દરમ્યાન
સાબિત કરી બતાવી. તમારા સત્કર્મોરૂપી જયોત,
અમારા કર્મો દ્વારા હંમેશા પ્રજવલિત રહે એજ
મહારાજ સ્વામીના ચરણોમાં અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

પદમા - જયોતિ - માયા - પ્રવિણા
હેમા - ગીતા - સોનલ - અલોકી
તથા સમગ્ર પરિવારજનો....


સ્વ. છોટાલાલ ઈશ્વરલાલ પંચોલી વડોદરા    શ્રી ઈશ્વરભાઈ જગજીવનદાસ પંચોલી વડોદરા

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

એપ્રિલ-૨૦૧૮

રજી. નં.: A/1822 ભરૂચ
RNI NO. 6304 / 62

-: પ્રકાશન સ્થળ :-

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઇલ્સ સામે,
તાલુકા સેવા સદન પાસે, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨

પ્રકાશન સામયિકતા : માસિક
પ્રકાશક તંત્રી નામ : શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું નામ :શ્રી દિનેશભાઇ એમ. મિસ્ત્રી
મુદ્રકનું સરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩, અજીત એસ્ટેટ, સ્કવેર પોઇન્ટ પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી., અંકલેશ્વર-૨
માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ બી-૨૫, બીજનગર, અંકલેશ્વર

હુ દિનેશભાઇ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.

દિનેશભાઇ એમ. મિસ્ત્રી

## પંચોલી નવયુગ જાહેરાતના દર

| | | |
|---|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | રૂા. | ૭,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૨,૫૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર-સીંગલ કલર) | રૂા. | ૩,૦૦૦/- |
| કલર પેજ (ફકત દિપોત્સવી અંક) | રૂા. | ૨,૦૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | રૂા. | ૧,૫૦૦/- |
| અડધુ પેજ | રૂા. | ૭૫૦/- |
| અડધુ પેજ (એક ફોટો) | રૂા. | ૮૦૦/- |
| પા પેજ | રૂા. | ૪૦૦/- |

(પા, અડધા અને આખા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ રૂા. ૫૦ વધારાના આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક :** રૂા.૧૫,૫૫૫/-
(પ્રથમ વર્ષે આખા પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓના ફોટા તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક :** રૂા. ૨,૫૨૫/-
(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે.(ફોટો છપાશે તો નામ આવશે નહીં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | |
|---|---|
| **માસિક** | **રૂા. ૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | **રૂા. ૧૦૦/-** |

# તંત્રી નોંધ......



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

૧લી મે ગુજરાત સ્થાપના દિવસે હાર્દિક શુભકામનાઓ... વાયબ્રન્ટ ગુજરાત બની એક આગવું સ્થાન પ્રાપ્ત કરે....

મે મહિનો સૌ વિદ્યાર્થી મિત્રોનો રીઝલ્ટ આવવાનો સમય.... આખા વર્ષની મહેનતનું પરિણામ પામવાનો અવસર... જેની જેટલી મહેનત એવું એનું પરિણામ.... પાસ થનાર વિદ્યાર્થીઓને હાર્દિક શુભેચ્છાઓ અને પ્રગતિના શિખરો સર કરો. અને ફેલ થનારા વિદ્યાર્થીઓ નિરાશ ના થશો... આ વર્ષે ગઇ સાલ કરતા વધુ મહેનત કરી સારા પરિણામ લાવવાના પ્રયત્નો કરશો....

રજા... રજા... ભાઇ, મઝા ...મઝા... સાથે સાથે વેકેશન પર શરૂ થશે... વેકેશનનો સદ્‌ઉપયોગ કરશો... ઘરમાં બેસી ટી.વી. કે મોબાઇલમાં સમય પસારના કરતા કુદરતના સાનિધ્યમાં, કયાંક નદી કિનારે, કયાંક તળાવ કિનારે કે વડલાની છાયાંમાં વિવિધ રમતગમતો અને હિચકાઓની લહેર.... તથા પંચોલી નવયુગમાં આપવામાં આવેલ સ્પર્ધાઓ તો ખરી જ... આપણે એમાં પણ આપણી કલમ અજમાવીએ.. ઇનામ પામીએ... અને અનુભવીએ ‘મારા લેખ મારા નવયુગમાં...’ બરાબરને... તો ચાલો વાટ કોની જુઓ છો... ફટાફટ સ્પર્ધામાં ભાગ લઇ આપની કૃતિઓ સવેળા મોકલી આપો..

જીવનસાથી પસંદગી વિશેષાંક માટેના ફોમ પણ ભરીને મોકલજો... મહામંડળ અને પંચોલી નવયુગ તમારા દીકરા-દીકરી પરણાવવાની ચિંતા કરે છે... તો જરૂરથી સાથ - સહકાર આપશો.. ફોર્મ ભરજો... અસ્તુ

દિનેશભાઇ એમ. મિસ્ત્રી-તંત્રી
મલય દિનેશભાઇ મિસ્ત્રી-સહતંત્રી
પંચોલી નવયુગ

# પ્રમુખ નોંધ......

હેમંતભાઇ સી. મિસ્ત્રી-પ્રમુખ
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ



વ્હાલા જ્ઞાતિજનો, વડિલો, મહિલાઓ અને યુવા મિત્રો.

વિદ્યાર્થી મિત્રોની એકઝામ પતી ગઇ અને હવે વેકેશન એન્જાય કરી રહ્યા હશો, ધારેલ રીઝલ્ટ માટે ફરી શુભેચ્છાઓ. સાથે સાથે વિતેલા સમય દરમ્યાન પંચોલી સમાજના નાના-મોટા, વિદ્યાર્થીઓ, બીઝનેશમેનોએ માર્કેબલ ઉપલબ્ધી મેળવી જેની નોંધ ન્યુઝપેપર, ઇલેકટ્રોનિકસ મિડિયાએ લીધી. હાલ લેસ્ટર યુ.કે. ના શ્રી પંકજભાઇ અંબેલાલ મિસ્ત્રી, તેઓની સંઘર્ષયાત્રા અને સફળતાની નોંધ દિવ્ય ભાસ્કરે બે વાર લીધી. વ્યારાના હેમીશ પંચોલીએ તૈયાર કરેલ હોમ ઓટોમેશનની નોંધ પણ બન્ને મિડિયાએ લીધી, તો ઉડાન-૨૦૧૭માં સન્માનિત થિ કવિશ જીગર મિસ્ત્રીએ લિમ્કાબુક માં પોતાનું નામ દર્જ કરાવ્યું. આ તમામ મિત્રોએ પોતાને, કુટુંબને અને સમાજને ગૌરવ અપાવ્યું છે... અભિનંદન.

સમાજ સુરક્ષા યોજનાને સ્વતંત્ર બનાવવાનું કાર્ય અમો સંસ્થાના હોદ્દેદારો અને મહામંત્રીશ્રી નિશિકાંતભાઇ ના સહયોગથી પૂર્ણ થવાને આરે છે. આ પંચોલી નવયુગ તમારા હાથમાં આવશે ત્યારે આ કાર્ય પૂર્ણ થઇ ચુકયુ હશે. સહકાર આપનાર તમામનો ખૂબ ખૂબ આભાર. વધુમાં બીલીમોરા એકમે સમાજ સુરક્ષા યોજનામાં એક સાથે ૧૦ સભ્યો બનાવી પોતાનું નામ ૧૦ મેમ્બર કલબમાં નોંધાવ્યું છે. આપણાં મોટા એકમો જેવા કે મુંબઇ, સુરત, વડોદરા, રાજપીપલા, વ્યારા પણ આ લક્ષ્ય રાખે તો સોને પે સુહાગા... સમાજના એકમોને પણ આ કાર્ય ઉપાડી લેવાનું આહ્વાન છે..

એપ્રિલના અંતમાં સ્વ. સી. ટી. સ્મારક નિધિ દ્વારા કેરીયર ગાઇડન્સ પોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું, આ પોગ્રામ એરેન્જ કરવા અમોને ભલામણ કરનાર તથા અન્ય તમામ એકમો મળી ખૂબ જ નબળો પ્રતિસાદ મળ્યો, નર્મદ લાયબ્રેરી જેવું એ.સી. વેન્યુ છતાં ખૂબ જ દુઃખદ ઘટના. કયાં તો આપણે આપણા બાળકો પ્રત્યે અત્યંત ઉદાસીન છીએ, અથવા ઓવર કોન્ફીડન્ટ, બન્ને પરિસ્થિતિ જોખમી છે. સી. ટી. સ્મારકના હોદ્દેદારો તથા માનદ્ મહામંત્રીશ્રીને કોશિષ બદલ અભિનંદન. કોશિષ કરનેવાલે કી હાર નહીં હોતી. હાજર રહેલ બાળકોને ડો. રેખાબેન નિશિકાંતભાઇ મિસ્ત્રીએ માર્ગદર્શન આપ્યું. હેટસ ફોર બોથ. રેખાબેન તથા નિશિકાંતભાઇ માટે.

સ્વર્ણિમ ફંડની સ્કીમને ચાર વર્ષ પુરા થયા, જે જે દાતાઓએ પાંચ વર્ષ માટે દાન નોંધાવ્યા હતા. એ તમામનો ખૂબ ખૂબ આભાર નોંધાયેલ દાન પૈકી ઘણાં દાતાના દાન નિયમિત મળે છે, પરંતુ થોડા નોંધાયેલ દાન બાકી છે, તો એ તમામ દાતાઓ પાસે અમોને અપેક્ષા છે.

એપ્રિલ મહિનાનો નવયુગ અંક વેબ પર વાંચનારને સરપ્રાઇઝમાં એપ્રિલફુલ બનાવવાની હળવી પળો માળી અને જ્ઞાતિજનોએ ખેલદીલી પૂર્વક માણી, પંચોલી નવયુગના તંત્રીશ્રી દિનેશભાઇ મિસ્ત્રી અને વેબ એડમીન શ્રી પ્રતિકભાઇ પંચોલી આપ બન્ને આવી હળવી પળો જાળવી રાખશો...

અંકલેશ્વર એકમને પણ આકાંક્ષા-૩ અંગે વિચારણા કરી આગળ વધવા અપીલ છે. યુવા પરિચય સંમેલન કે જેમાં હાયર એજ્યુકેશન ધરાવતા યુવા ધન અને એમાં પણ ખાશ કરીને અપરણિતો માટે આયોજન કરવાની ઇચ્છા છે. કોઇ પણ સ્વયં(યુવા) સંસ્થાને આગળ આવવા આહ્વાન છે. સમાજમાં સારા પોગ્રામો થાય અને સહકાર વધે એવી અભ્યર્થના....

ભૂલ થવી એ પ્રકૃતિ છે,
એને સ્વીકારવી એ સંસ્કૃતિ છે.
અને થયેલ ભૂલને સ્વીકારી
સુધારી લેવી એ પ્રગતિ છે..


સ્વ. શાંતિલાલ નાથુભાઇ પંચોલી વડોદરા શ્રી પરેશભાઇ અંબાલાલ પંચોલી વલ્લભ વિદ્યાનગર

# ગોલ્ડન જ્યુબીલી મેરેજ એનીવર્સરી



**શ્રી દિનેશચંદ્ર છોટાલાલ પંચોલી**
**શ્રીમતિ મધુબેન દિનેશચંદ્ર પંચોલી**
મૅરેજ ઍનીવર્સરી તા. : ૦૮-૦૫-૧૯૬૮
વ્યારા

જીવનની પગદંડી પર સહજીવનના પચાસ સૉપાન પુરા કરી ઍકાવનમાં સૉપાન પર સહકદમ માંડતા યુગલનૅ પ્રસન્ન દાંમ્પત્યજીવનની ખૂબ ખૂબ શુભૅચ્છાઑ... સહ શુભાશિષ

## અર્પણકર્તા

| | |
|---|---|
| શ્રી સંદિપ દિનૅશચંદ્ર પંચૉલી | અ.સૌ. રશ્મિકા સંદિપ પંચૉલી |
| શ્રી મહૅશ ઉર્ફે નિતૅષ દિનૅશચંદ્ર પંચૉલી | અ.સૌ. મનિષા નિતૅષ પંચૉલી |
| શ્રી દિવાકર ભાષ્કરભાઇ ગાંધી | અ.સૌ. જયશ્રી દિવાકર ગાંધી |
| શ્રી સનતકુમાર રામુભાઇ પંચૉલી | અ.સૌ. જયશ્રી સનતકુમાર પંચૉલી |
| શ્રી ચિન્તુકુમાર ભગુભાઇ પંચૉલી | અ.સૌ. વૈશાલી ચિન્તુકુમાર મિસ્ત્રી |

શ્રી જયૅશ સુમનભાઇ પંચૉલી
ચિ. મૈત્રી - ઍશા - પાર્થ - રિદ્ધિ - બ્રિજૅશ - વૃંદા - પ્રિયા - રાજ

## શુભેચ્છક

| | |
|---|---|
| સ્વ. છૉટાલાલ નાથુભાઇ પંચૉલી | સ્વ. વજીયાબૅન છૉટાલાલ પંચૉલી |
| શ્રી રામુભાઇ નાથુભાઇ પંચૉલી | અ.સૌ. પદમાબૅન રામુભાઇ પંચૉલી |
| સ્વ. સુમનભાઇ છૉટાલાલ પંચૉલી | ગં.સ્વ. રંજનબૅન સુમનભાઇ પંચૉલી |
| શ્રી હરિશભાઇ મૉહનભાઇ પંચૉલી | અ.સૌ. અલકાબૅન હરિશભાઇ પંચૉલી |

તથા સમસ્ત પરિવાર



**ચક્ષુદાતા સ્વ. નગીનદાસ પિતાંબદાસ પંચોલી**
સ્વર્ગવાસ ૨૫.૦૩.૨૦૧૮
ભાટપુર

# દ્વિતીય માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલી

શૂન્યમાંથી સર્જન કરી પરિવાર માટે પુષ્પો પાથરી ગયા...
જીવનભર પરિશ્રમ કરી સુસંસ્કારનું સિંચન કરતા ગયા...
એવા કર્મયોગીની ખોટ કદી પુરાશે નહિં.
પ્રભુ આપના આત્માને પરમશાંતિ સહ સદ્‌ગતિ અર્પે
એજ પ્રાર્થના

## અર્પણકર્તા

ગં.સ્વ. સુશીલાબેન નગીનદાસ પંચોલી
પ્રદિપકુમાર એન. પંચોલી સૌ. પારૂલબેન પી. પંચોલી
સતિષકુમાર એન. પંચોલી સૌ. રંજનબેન એસ. પંચોલી
દિપ્લેશકુમાર આર. પંચોલી સૌ. સંગીતાબેન ડી. પંચોલી
ચિ. મનન, સંકેત, જયમીન, ચિ. દિક્ષા, ખુશ્બુ, માનસી
સ્વ. પિતાંબરદાસ હર્ગોવિંદદાસ પંચોલી પરિવારના
જયશ્રી કૃષ્ણ
ભાટપુર - વડોદરા - અમદાવાદ

# આપનું મંતવ્ય

માનનીય દાતાશ્રીઓ,

બીલીમોરા મુકામે મળેલ શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તથા સુરત મુકામે મળેલ મહામંડળની કારોબારી એમ બન્ને મિટિંગોમાં હાલના બેન્કોના વ્યવહારો, ઘટતા જતા વ્યાજના દરો તથા અન્ય ફાયનાન્સીયલ બાબતો અંગે ચર્ચા થયા બાદ સર્વાનુંમતે શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનું ભંડોળ સરકાર માન્ય મ્યુચ્યુલફંડના (બેલન્સ-ગ્રોથ ફંડ) જેવા સેઇફ ફંડમાં રોકાણ કરવાની મંજુરી આપવામાં આવેલ છે. અમુક દાતાઓએ પોતાના દાનની રકમ ચોક્કસ ફંડમાં રોકાણ કરવાની મંજુરી આપી છે. જે મુજબ રોકાણની કાર્યવાહી કરી રહ્યા છીએ.

આ બાબતે દાતાઓના મંતવ્યો આવકાર્ય છે... આપ અમોને અમારા ફોન દ્વારા, પત્ર દ્વારા અથવા infospssmm@gmail.com પર સંપર્ક કરી શકો છો...

આપના અમૂલ્ય દાન બદલ ખૂબ ખૂબ આભાર..

શ્રી હેમંતકુમાર છગનલાલ મિસ્ત્રી - પ્રમુખ (મો. ૯૯૨૪૨ ૧૧૦૨૨)
શ્રી મનિષભાઇ એમ. પંચોલી-આઇ.પી.પી. શ્રી મુકેશભાઇ પી પંચોલી-ઉપપ્રમુખ
શ્રી નિશિકાંત બી. મિસ્ત્રી-માનદ્‌ મહામંત્રી શ્રી દેવાંગભાઇ પી. પંચોલી-સહમંત્રી
શ્રી ઉમેશભાઇ બી. પંચોલી-ખજાનચી
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ

રજી. નં.: A/1822 ભરૂચ

# સ્વ. સી. ટી. સ્મારક નિધિ
## આયોજીત
# વેકેશન સ્પર્ધા

પરીક્ષાઓ પુરી થતાં બાળકોને વેકેશનનો લાભ મળશે સાથે સાથે માતા-પિતા પણ વેકેશનનો લાભ માણી શકશે એ આશયથી સ્વ. સી. ટી. સ્મારક નિધિ સૌના માટે વિવિધ સ્પર્ધા લઈને આવ્યું છે.
સૌ મોટી સંખ્યામાં ભાગ લેશો એવી આશા રાખું છું.

## સ્પર્ધાઓ

**૧ કાવ્ય - ગઝલ - બાળગીત**
**૨ ટુંકી વાર્તા**
**૩ જોકસ (૫ થી ૧૦ જે સાંભળ્યા ના હોય એવા)**
**૪ મનપસંદ ચિત્ર (કોઈપણ વિષયમાં ) કલર સાથે**
**૫ નિબંધ સ્પર્ધા (૧) આજના યુવાનો અને સમાજ**
**(૨) મોબાઈલ ની માયાજાળ**
**(૩) બેટી બચાવો**

ઉપરોકત પાંચ સ્પર્ધામાં બે વિભાગ રાખવામાં આવ્યા છે.
**(A)** ૧૫ વર્ષથી નીચેના **(B)** ૧૬ વર્ષથી ઉપરના કોઈપણ સ્પર્ધકો ભાગ લઈ શકશે.
દરેક વિભાગમાં ઈનામ : પ્રથમ : રૂા. ૩૦૧/-, દ્વિતીય રૂા. ૨૦૧/- અને તૃતિય રૂા. ૧૦૧/-
**આપની એન્ટ્રી તા. ૩૧-૦૫-૨૦૧૮ સુધીમાં નીચેના સરનામે મોકલવી**
ભાગ લેનાર તમામને આશ્વાસન ઈનામ આપવામાં આવશે


સી. ટી. મિસ્ત્રી સ્મારકનિધિ-અધ્યક્ષ
**શ્રી ધવલકુમાર જયંતિલાલ પંચોલી**
૩૦૩, યોગીપાર્ક, બિલ્ડીંગ-૮, સ્વામિનારાયણ મંદિર પાસે,
અડાજણ, સુરત ૩૮૫ ૦૦૯
મો. ૯૮૨૪૭ ૦૧૨૩૭

સી. ટી. મિસ્ત્રી સ્મારકનિધિ-મંત્રી
**શ્રી દક્ષય પી. ગજ્જર**
૧૫, ભવન્સ રેસીડન્સી, SMC આર્ટ સેન્ટરની બાજુમાં
IOC પેટ્રોલ પંપ સામે એલ.પી.સવાની રોડ,
**અડાજણ, સુરત** 395009 M:-9824137878




## OUR PROUD

Daksh Alok Pancholi Ranked 1st in school (Podar International School) & 21st internationally (out of 25 countries) in SOF International English Olympiad in Association with British Council which is conducted in 25 countries. *Congratulations......*

# સુચના

હવેથી નીચે આપેલ ઈમેલ પર મેલ કરવા
**Email : pancholinavyug@gmail.com**

# દેવદૂતે.......વાર્તા

પલ્લવી જે. મિસ્ત્રી
અમદાવાદ



'દાદી, મમ્મી તમને બોલાવે છે.' રીન્કુએ સીતાબાને મમ્મીની સૂચના આપી અને બહાર રમવા દોડી ગયો. 'ચાલ જીવ કોરટ(કોર્ટ) નો ઑડર(ઑર્ડર) આવી ગયો... વહુ જે સજા કરે તે ભોગવવા તિયાર થઇ જા.'

સીતાબાને સવારે ઘરમાં બનેલ બનાવ યાદ આવી ગયો. એ ડગુમગુ ચાલે પોતાની બખોલ જેવી રૂમમાંથી બહાર આવ્યા. આજે મોના વહુ હંમેશની માફક આકરા વેણ સંભળાવશે, તોબરો ચડાવશે, આખો દિવસ અબોલા લેશે, અને સુકું પાકું ખાવાનું આપશે. પતિની હયાતીમાં પોતે ગાળેલો સુવર્ણયુગ સીતાબાને યાદ આવી ગયો. અને ગળામાં ડૂમો જામ્યો.

'બા, અહીં ખુરશીમાં બેસો' સીતાબાને આવેલા જોઇને મોનાએ ડાયનીંગ ટેબલ પાસેની ખુરશી હળવેકથી ખસેડી આપતા કહ્યું. સીતાબાને નવાઇ લાગી, એ બેઠા એટલે મોના રસોડામાંથી દાળ, શાક, મીઠાઇ, ફરસાણ, કચુંબર અને પાપડ પીરસેલી થાળી લઇ આવી એમની આગળ મૂકતાં બોલી 'બા, તમે ખાવાનું શરૂ કરો, ગરમ રોટલી હમણાં બનાવીને લઇ આવું છું.' વહુ મોનાના બદલાયેલા રંગઢંગ અને વિવિધ વાનગીઓથી ભરપુર થાળી જોઇને સીતાબા દંગ રહી ગયા. એમને સમજાયુ નહીં, આજે સૂરજ ઉગમણીના બદલે આથમણી કોરે કેમનો ઉઇગો ? ફીટકારની જગ્યાએ આગતા સાગતા કેમ ?

કોઇ બનાવ અકારણ નથી બનતો. એમ આ બનાવ બનવાનું પણ એક કારણ હતું. જે સમજવા આ ઘરમાં સવારે શું બન્યુ હતું તે જાણવું જોઇશે. વાત જાણે આમ બની હતી..

-મોના, બધી તૈયારી બરાબર કરી રાખી છે ને ?

-હા નીલવ, મીઠાઇ, ફરસાણ, આઇસક્રીમ બધુ તૈયાર છે, તમે પૈસાનું કવર રેડી રાખ્યુ છે ને ?

-પુરા એક લાખ રૂપિયાનું કવર તૈયાર રાખ્યું છે અજયસર આમ તો કયાંય જતા નથી, પણ મે ખૂબ આગ્રહ કર્યો, તો વળી ઘરે આવવા તૈયાર થયા, મારા માટે તો નોકરી બચાવવાની આ છેલ્લી તક છે, સાંભળ્યુ છે કે તેઓ કોઇ પાસે પૈસા લેતા નથી, એટલે બહુ ટેન્શનમાં છું.

- ટેન્શન ન કરો, મેં એમના સ્વાગતની બરાબર તૈયાર કરી છે, બસ જરા..

- બસ, આ જરા.... શું ?

-તમારા બા વચ્ચે આવીને વાત બગાડે નહિ તો સારું. એમને કેટલીયે વાર કહ્યું છે કે તમારે તમારી રૂમમાં જ રહેવું. જે જોઇએ તે માંગવું, હું આપી જઇશ. પણ એ સમજતા જ નથી. કોઇ બહાનુ કાઢીને રૂમમાંથી બહાર આવી જાય. કોઇ બહારનું આવી જાય ત્યારે તો ખાસ, આપણી દરેક વાતમાં વચ્ચે દખલ કરવાની એમની કુટેવ જતી નથી.

-ઠીક છે, મોના. ઘરડું માણસ કંટાળી જાય એટલે એવું કરે, વડીલ છે એટલે સહી લેવાનું. જો કે તારી વાત સાચી પણ છે, આજે તો એ બહાર ન આવે તો જ સારું, મારી નોકરીનો સવાલ છે.

બરાબર સવારે સાડા દસ વાગ્યે એક લકજુરીયસ કાર નીલવના આંગણે આવીને ઉભી રહી ગઇ. નીલવ તરત જ ઘરની બહાર આવ્યો, અને કારનો દરવાજો ખોલીને અદબથી આગંતુક ઓફિસરના ઉતરવાની રાહ જોઇને ઉભો રહ્યો. અજયે કારમાંથી ઉતરીને નીલવ સાથે શેકહેન્ડસ કર્યા. પછી એની પાછળ ઘરમાં પ્રવેશ્યા. મોનાએ પણ હસીને 'આવો...આવો' ના આવકારથી અજયનું સ્વાગત કર્યુ. કલાત્મક કાચના ગ્લાસમાં કોલ્ડડ્રીંક રજુ કરવામાં આવ્યું. ફરસાણ - મીઠાઇ સહિત ખાણી પીણીની વિવિધ આઇટમો રજુ કરવામાં આવી.

આ સતકર, આગ્રહ અને અદબ અકારણ નહોતા. ઓફિસર અજય, નીલવના કામનો - પરફોર્મન્સનો પોઝીટીવ રીપોર્ટ આપે અને એની ફાઇલ આગળ જવા દે તો જ નીલવ આ ઓફિસમાં ટકી રહે એમ હતું જ નહી, લોકોની ફરીયાદને આધારે એની બરતરફી નક્કી હતી. એટલે જ નીલવે આજે ખાસ આગ્રહ કરીને અજયને ઘરે આમંત્ર્યા હતા. અને નોકરી બચાવવાના ભાગ રૂપે (લાંચ રૂપે) એક લાખ રૂપિયા કાઢી રાખ્યા હતાં.

પ્રમાણિક ઓફિસર તરીકે પંકાયેલા અજય આ રીતે કોઇના ઘરે જતાં નહોતા. પણ નીલવ ના અતિ આગ્રહથી ઉત્સુકતાવશ (નીલવની સફાઇ સાંભળવા) તેઓ આજે અહીં આવ્યા હતાં. મોના અને નીલવ અજયને ખાવા પીવાનો આગ્રહ કરવા લાગ્યા, પણ અજયે ખાવા પીવા તરફ જોયું સુધ્ધા નહિં. સીધા મુદ્દા પર જ આવીને એમણે કહ્યું. 'મી.

નિલવ તમારી વિરુદ્ધ ઘણી ફરીયાદો મારા કાને આવી છે. તમારા કામકાજ ની ઉણપની વાત જવા દઇએ, તો લોકો તરફનું તમારું વર્તન પણ તપાસ માગી લે એવું છે, આ બાબતમાં તમારે શું કહેવાનું છે ?

સર મારા વિરોધીઓની એ ચાલ છે. મારી પ્રગતિ થાય એવું એ લોકો ઇચ્છતા નથી એટલે એવી અફવાઓ ફેલાવે છે. નીલવે હાથ જોડીને પોતાનો ખોટો બચાવ કર્યો. એણે જોયું કે અજયના ગળે આ વાત ઉતરી નથી. 'ઠીક છે, બે દિવસ પછી મને મળજો, હું તપાસ કરીને વિચારીને કહું' અજય સોફામાંથી ઉભો થઇ ગયો અને બારણા તરફ ડગ ભર્યા. ત્યાં દીવાલ પર સુખડનો હાર લગાડેલા ફોટા તરફ તાકી રહ્યા. નીલવે આજીજીભર્યા સાદે ઉમેર્યુ, 'સર મને એક મોકો આપો, હું મારી કામગીરી અને લોકો તરફનું વર્તન સુધારી દઇશ, સર, તમને ફરિયાદનો મોકો નહીં આપુ, પ્લીઝ સર, મોનાએ નીલવને આંખોના ઇશારે પૈસાનું કવર અજયને આપવા મૌન સૂચના આપી, નીલવે કવર ખીસામાંથી કાઢવા જતો હતો ત્યાં જ....

'કોણ આવ્યુ છે બેટા નીલવ ?' અંદરની રૂમમાંથી સીતાબા બહાર આવ્યા અને આંખો ખેંચીને આગંતુકને જોવા લાગ્યા. નીરવ અને મોનાના ચહેરા પર બાની આ હરકતથી ગુસ્સો અને નારાજગી સ્પષ્ટ જોઇ શકાતા હતાં. એમણે બાને કડક ફરમાન કર્યુ હતું. 'તમારે તમારી રૂમમાં જ રહેવું બહાર આવવું નહીં, કોઇ આવ્યુ હોય તો કદાપી નહિં. 'કોઇને મળવાનું નહીં. કોઇ સાથે વાત કરવાની નહિં, એ ઘરડો જીવ એકલતાથી વાજ આવી જતો હતો. નીલવ અને મોના તો એમની સાથે ખપ પુરતી જ વાત કરતા, ખાવા પીવાનું અને અન્ય વસ્તુઓ રૂમમાં જ પહોંચાડી દેવામાં આવતી, બસ, જરૂરિઆતો પૂરી થતી. આ લાગણીઓનો અભાવ હતો. સીતાબાને થતું. 'આવુ જીવન જીવવા કરતા તો હું પણ એમની (પતિની) સાથે જ મરી ગઇ હોત તો સારું થાત. ' આજે બા જુનો અને ઘસાયેલો સાડલો પહેરીને બહાર આવી ગયા. તે અજય અને મોનાને જરાપણ ન ગમ્યુ. પણ અજય સરની હાજરીમા તેઓ બાને કશું કહી શકયા નહીં.

'કોણ આવ્યુ છે બેટા. મને તો જાણે માણસ ઓળખીતું હોય એવો ભરમ થાય છે.' બા બોલ્યા અને અજયને જોઇને યાદ કરવા મથી રહ્યાં. અચાનક અજયે આગળ વધીને વાંકા વળીને સીતાબાને પ્રણામ કરતાં કહ્યું. 'માસી તમારી વાત એકદમ સાચી છે. માણસ ઓળખીતો જ છે. ધ્યાનથી જુઓ, હું તમારો અજુ, અજય' 'અરે તું અમરતનો અજુ કે ? કેટલા વર્ષ પછી તને જોયો તે જલ્દી ઓળખી ન શકી, દીકરા.' સીતાબાનું બોખુ મો હસી ઉઠયું. એમણે અજયને ગળે લગાવી દીધો. 'માસી, મેં તો આ રૂમમાં રમેશકાકાનો સુખડનો હાર ચઢાવેલો ફોટો જોયો, ત્યારે જ હું તો મી. નીલવને તમારા વિષે પૂછવાનું વિચારતો હતો અને તમે હાજર થઇ ગયા. હું તમને કેવી રીતે ભુલી શકું ? તમે જ તો આ નમાયા દીકરાને મમતા આપી, હુંફ આપી અને જીવવાનું બળ આપ્યું. નહીતર સાવકીમાના ત્રાસથી મેં ત્યારેજ આપઘાત કરી લીધો હોત...

'દીકરા, જીવાડનાર તો એક જ મારો પરભુ' સીતાબા બોલ્યા, 'નીલવ બેટા આ અજયને ત્યારનો ઓળખું જ્યારે તારો જનમ પણ નહોતો થયો. અજય છ મહિનાનો હતો ત્યારે જ એની મા મરી ગઇ. પડોશમાં રહેતા એટલે એની સાથે બહુ માયા બંધાઇ ગયેલી, બસ મારા પેટે જનમ નહોતો લીધો એટલું જ.' સીતાબાએ સાડલાના છેડાથી ભીની આંખો લુછી. (અજયની સાવકી માએ પોતાના પ્રેમી સાથે મળીને અજયના પિતાનું ખૂન કરાવ્યું, સાવકી મા જેલમાં ગઇ, અજયને એના મામા મુંબઇ લઇ ગયા તે પછી કાંઇ સમાચાર નહોતા.) સીતાબા અને અજય, બંને જણા એવા વાતોએ લાગ્યા જાણે એ બે સિવાય ત્રીજું કોઇ રૂમમાં છે જ નહીં.

પછી જતા જતા બા તરફ ફરીને અજય બોલ્યા 'માસી હું પાછો એક દિવસ તમને મળવા આવીશ, તમારા હાથના જુવારના રોટલા - વેંગણ બટાકાનું શાક ને છાશ ખાવા આવીશ, ખવડાવશોને ? સીતાબાના તો બત્રીસે કોઠે દીવા ઝળહળી ઉઠ્યા, પ્રવેશબંધી ને લીધે અહીં તો એમને રસોડામાં ગયે વર્ષો વીત્યા હતા, એમનો અપરાધ એટલો જ કે એમનાથી મોંઘામાંની ક્રોકરીસેટની રકાબી તૂટી ગઇ હતી. અને એવા બીજા નાના મોટા નુકસાન થયા હતા. જો કે એતો માત્ર બહાનું, મોનાને રસોડામાં (અને ઘરમાં) પોતાનું એકચક્રી રાજ જોઇતું હતું. અજયની ફરમાઇસથી એ ખુશ થઇ ગયા અને બોલ્યા 'બેટા અબઘડી બનાવી દઉ જમીને જ જા,' માસી આજે તો બીજી જગ્યાએ કમીટમેન્ટ છે, એટલે જાઉં છું, પણ જલ્દી આવીશ. અજયે વચન આપ્યું. 'તુ રોજ આવે તો રોજ તને મારા હાથની રસોઇ જમાડું, હું રાહ જોઇશ તારી, જરૂર આવજે બેટા.' સીતાબા દરવાજા સુધી અજયને વળાવવા ગયા.

અજયના ગયા પછી બા દીકરાની વહુને પોતાની ભૂતકાળની વાતો કહેવા માંગતા હતાં, પણ મોના મોઢું મચકોડીને રસોડામાં જતી રહી અને નીલવને ઓફિસ જવાનું મોડું થતું

હતુ એટલે બા, 'સાંજે વાત કરીશું' કહીને તૈયાર થવા તેની રૂમમાં જતો રહ્યો. સીતાબા પોતાની રૂમમાં આવીને ભૂતકાળની મીઠી યાદોમાં સરી જયા. બે કલાક પસાર થઇ ગયા, રીન્કુ બોલાવવા આવ્યો ત્યારે ખબર પડી કે બપોરનો ખાવાનો ટાઇમ થઇ ગયો છે. ટાઢી રોટલીને બદલે ગરમ ગરમ રોટલી અને ભરપુર ખાણું જોઇને સીતાબા નવાઇ પામ્યા. મોનાએ એમને આગ્રહ કરીને ખવડાવ્યું, ખાઇને રૂમમાં જઇ આરામ કરીને એ ઉઠ્યા ત્યારે મોનાએ એમની મનપસંદ મસાલાવાળી ચા રજુ કરી. મોના સાંજે એમને મંદિરે લઇ ગઇ, દીકરો ઓફિસેથી આવ્યો ત્યારે બાને માટે બે નવા સાડલા લઇ આવ્યો હતો, અને બાને રાત્રે રૂમમાં ખાવાનું આપી જવાને બદલે ડાઇનીંગ ટેબલ પર બધાની સાથે બેસીને રાત્રીભોજન કરવા મળ્યું.
સીતાબાને દીકરા વહુના આ બદલાયેલા વર્તનનું રહસ્ય શુ છે તે સમજાયુ નહીં, પણ 'ભગવાને છેવટે સદ્‌બુદ્ધિ આપી ખરી' એમ માની લીધું. જો એમણે નીલવને ઓફિસમાંથી મોનાને કરેલ ટેલીફોન પર થયેલી વાત સાંભળી હોત તો એમને આ રહસ્યની ખબર પડી હોત. 'હલ્લો મોના, સાંભળ, એક ખુશખબર છે, બાની અજયસરની સાથેની ઓળખાણના લીધે મારી નોકરી બચી ગઇ છે, એટલું જ નહીં, આપણા એક લાખ રૂપિયા પણ બચી ગયા છે. અજયસરે મને કહ્યું 'મી. નીલવ, તમે સીતામાસીના દીકરા છો, એટલે હું તમને એક મોકો જરૂર આપીશ. પણ બે વર્ષમાં તમારે પરફોર્મન્સ સુધારવું પડશે અને લોકોની ફરિયાદ દૂર કરવી પડશે.'
સીતાબાનો 'કર્મનો સિધ્ધાંત' પણ નહોતા જાણતા, છતાં એ સિધ્ધાંત પ્રમાણે એક નમાયા બાળકને માની મમતા આપીને ઉગારનાર સીતાબા માટે 'દેવદૂત' જેવો એ બાળક જ એમની 'એક દંડિયા મહેલ' જેવી પરિસ્થિતિમાંથી ઉગારવાનું નિમિત્ત બન્યો...હતો..

# અંતિમ સહારો

હૈયુ ક્યાંથી રહે હાથમાં, યાદ એની રહી સતાવી
મનની શાંતિ વિદાય થઇ, નયનો નીર રહ્યા છલકાવી
માંડ બે કદમ ચાલુ ત્યાં, ધ્રુજતા પગલાં પાછા પડે.
જીવન મંઝિલ કેમ પૂર્ણ થશે, સાથ દેનાર કોઇ નથી.
જીવનની સર્વે વેદનાઓ, મૂંગે મોઢે કરી સહન,
હૈયે અમીની સરવાણી વહાવી, જીવન સફર કરી વહન
માંકડ સમ અસ્થિર મન, ડોલની નાવ સમુ જીવન.
સ્થિર અને શાંત રાખી, હવે ગાવું છું મધુર કવન
પ્રભુ પર રાખો ભરોષો, અડગ વિશ્વાસ મારો છે
અંધકારમાં દીપ પ્રગટાવે, એજ અંતિમ સહારો છે...

હરીશભાઇ સી. પંચોલી-સુરત

## જીવનસાથી પસંદગીનું ફોર્મ ભર્યુ છે ? ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૧૫ મે-૨૦૧૮ પહેલા મોકલવા વિનંતી.

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ એકાઉન્ટ નંબર

આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'ના
નામે સુરત શાખાની બેંક ઓફ બરોડાનાં
સેવિંગ્સ ખાતા નં. 02690100010065
IFC Code BARBO CITYLT
માં જમા કરાવો અને કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...
પ્રમુખશ્રી -હેમંતભાઇ સી. મિસ્ત્રી-સુરત

## પંચોલી નવયુગ એકાઉન્ટ નંબર

આપનું દાન કે જાહેરાતના પૈસા **'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ A/C પંચોલી નવયુગ** ના નામે દેનાબેંક અંકલેશ્વર-ગોયાબજારની શાખામાં ખાતા નંબર
SB 014710003655
IFSC code : BKDN0210147
માં જમા કરાવો અને
**કાઉન્ટર મોકલી અમોને જાણ કરો...**
તંત્રી-દિનેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર

# લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ(સ્મૃતિ) ટ્રસ્ટ

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ ટ્રસ્ટી

## વર્ષ ૨૦૧૬-૧૭

## અરજીપત્ર

અરજદારનું નામ : ..........................................................................................

ઉંમર : ..................... વ્યવસાય : ......................................................................

સંપૂર્ણ સરનામું : ..........................................................................................

..........................................................................................................................

............................................................ જીલ્લો : .............. રાજ્ય : ................

પીનકોડ : .......................... ફોન : ..............................................................

બેંકનું નામ : ..............................બ્રાંચ :...................... A/c No. :............................

સહાયનો પ્રકાર : (અ) વિકલાંગ/વૈદકીય (બ) નિરાધાર વ્યકિત સહાય

(ક) ઉચ્ચ શિક્ષણ સહાય(વિદ્યાર્થી) (ડ) ઉચ્ચ શિક્ષણ સહાય (વિદ્યાર્થીની)

ઉપરોકત સહાય માટેની સંપૂર્ણ વિગતો : ........................................................

..........................................................................................................................

કુટુંબમાં કમાનાર વ્યકિત : (૧) ................................ માસિક આવક ..........................

(૨) .............................. માસિક આવક ..........................

કુટુંબના કુલ સભ્યો : (૧) વડિલ / યુવાન .................... (૨) ૧૯ વર્ષની નીચેના ...............

સવિનય સહ જણાવવાનું કે જે ઉપરોકત જણાવેલ દરેક વિગતો સાચી છે મને થતી સહાય કરવા વિનંતી.

અરજદારની સહી ........................

સાક્ષીનું નામ : ..........................................................................................

સ્થળ : ..................................... સાક્ષીની સહી : ........................................

### ભલામણપત્ર

શ્રી/શ્રીમતી.................................................................ની અરજીમાં લખેલ વિગત તપાસીને ખાત્રી કરી છે અને એની વિગતો સાચી છે. એમને મદદ કરવા ભલામણ કરું છું.

સહી : ............................

હોદ્દો : પ્રમુખ/મંત્રી/ખજાનચી

એકમ : ............................

(એકમનો રબર સ્ટેમ્પ)

**અરજી મોકલવાનું સરનામું :- શ્રી પંચોલી સેવા સમાજ, મુંબઈ**

C/O પ્રેમી મોહન એજન્સી, ગાલા નં. ૧૨૪, સાગર ઈન્ડ. એસ્ટેટ, ટોલ નાકા પાસે, વેસ્ટર્ન એક્ષપ્રેસ હાઈવે, દહીસર (ઈસ્ટ) મુંબઈ - ૪૦૦ ૦૬૮

**નોંધ :** ❖ આ અરજીની વધારે કોપી ન હોય તો ઝેરોક્ષ સ્વીકારવામાં આવશે. ઉપરોકત માહિતીમાં વિધવા બહેનો હોય તેમણે આગળ ગં.સ્વ. લખવું. ❖ **સરનામું વ્યવસ્થિત** અને **પીનકોડ નંબર** સાથે લખવું જરૂરી છે. અધુરું સરનામુ અને પીનકોડ નંબર લખ્યો ન હશે તો એવી અરજી પર ધ્યાન આપવામાં આવશે નહીં. ❖ અરજદાર જે એકમના હશે તેમણે તે એકમના પ્રમુખ/મંત્રી/ખજાનચીની સહી અને એકમનો રબર સ્ટેમ્પ મરાવવો ફરજીયાત રહેશે. ❖ એકમના હોદ્દેદારોને ખાસ વિનંતી કે તેમણે તેમના અરજદારોની અરજીની ઝેરોક્ષ કોપી કાઢીને પોતાની પાસે રાખવી. કારણ કે કદાચ ટ્રસ્ટીઓને અરજી માટે શંકા જાગે તો તેઓ આપશ્રીને અરજદાર માટે પૂછી શકે છે. ❖ **ઉપરોકત અરજી 30 જુન પહેલા મળી જાય એ રીતે મોકલવી** ❖ આ ટ્રસ્ટની મદદ ફકત શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ અને તેમના એકમના સભ્યો પૂરતી જ મર્યાદિત છે.

# જીવનસાથી પસંદગી વિશેષાંક

## ફોર્મ

પાસપોર્ટ સાઇઝનો ફોટો

પંચોલી નવયુગ જુન-૨૦૧૮માં જીવનસાથી પસંદગી વિશેષાંક પ્રકાશિત કરનાર હોય નીચે આપેલ સંપૂર્ણ વિગત ભરી ફોર્મ મોકલવા વિનંતી. આપની વિગતો વેબ સાઇટ પર મેટ્રોમોની વિભાગમાં પણ પ્રકાશિત કરવામાં આવશે...

નામ :............................................................................................................

પિતાનું નામ : ..................................................................................................

માતાનું નામ : ..................................................................................................

સરનામુ : ........................................................................................................

.......................................................................................................................

..................................................................................પીનકોડ : ...........................

ફોન : (ઘર)......................... (ઓ)............................ મો. ...............................................

જન્મ તા. ........................... જન્મ સમય : .................... જન્મ સ્થળ : ...................

ઉંચાઇ............. વજન : .................

અભ્યાસ :.........................................................................................................

નોકરી/ધંધો : .........................................................ભાઇ/બહેન :..........................................

મંગળ/શની છે ? ..................................................................................................

**આપના ફોર્મ તા. ૧૫ મે પહેલા સવેળા મળી જાય એ રીતે મોકલવા વિનંતી.**

દરેક એકમના પ્રમુખ/મંત્રીને વિનંતી કે આપના એકમમાં લગ્નોત્સુક યુવક-યુવતીઓના ફોર્મ ભરાવી પ્રોત્સાહિત કરી ફોર્મ ભરીને મોકલવા વિનંતી. ઉપરોકત માહિતી ફોટા સાથે વિના મૂલ્યે છાપવામાં આવશે.. છતાં પણ આપની ઇચ્છા હોય તો રૂા. ૧૦૦/૧૫૧/૨૦૦/૨૫૧ ભેટ આપી શકો છો....

**ફોર્મ મોકલવાનું સ્થળ**

**તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી**

અક્ષર પ્રિન્ટર્સ, ૨-૩ અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, ડો. બેક રોડ, જી.આઇ.ડી.સી. અંકલેશ્વર

**મો : ૯૮૨૪૧ ૭૧૯૩૦, ૯૮૨૪૦ ૬૪૨૮૨**

# સંસ્થા સમાચાર

## શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ રામનવમી મહોત્સવ

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા સંચાલિત રામનવમી મહોત્સવ-૨૦૧૮ શ્રી લાડની વાડી, સી.પી.ટેંક રોડ ખાતે યથાયોગ્ય રીતે પાર પાડવામાં આવ્યો. શ્રી પંચોલી ભગીની સમાજ તેમજ યુવા મંચ આવિષ્કાર ગ્રુપના નેજા હેઠળ 'પંચોલી ખેલો-પંચોલી જીતો' નામક ગેમ્સનું આયોજન આજરોજ કરવામાં આવ્યું હતું.

રામનવમી પ્રસંગે ફરાળી અલ્પાહાર કરીને હવનની શરૂઆત થઇ. તો બીજી તરફ પંચોલી ખેલો-પંચોલી જીતો'ની શરૂઆત ચીઠ્ઠી આપી ટીમો પાડી કરવામાં આવી. દરેક ટીમમાં વિવિધ વય જૂથના સભ્યો હતા. કુલ આઠ ટીમોમાં ૪૦ સભ્યોએ ભાગ લીધો. પ્રથમ ગેમ (ટૂથ પીક થી બંગડી પાસ કરવી)માં ટીમ નં. ૩ તેમજ ૫ બાદ પધ્ધતિથી બહાર નિકળી, બીજી ગેમ (ટૂથપીકથી થર્મોકોલ પાસ કરવા)માં ટીમ નં. ૮ આઉટ થઇ.(સૌથી ઓછા ગુણાંકની ટીમ બાદ કરવી.) ગેમ નં. ૩ (ઉંધા ઉભા રહી વાટકીથી બૉલ પાસ કરવા)માં ટીમ નં. ૭ બાદ થઇ. ગેમ નં. ૪ (સ્ટ્રોથી લાઇન બનાવવી) માં ટીમ નં. ૧ બાદ થઇ. ટીમ નં. ૫ ખૂબ જ રોમાંચક રહી. આ ગેમ અંતર્ગત બલુન ફુલાવી સામે દોડી ખુરશી પર બેસીને ફોડવાના હતાં. આ દરેક ગેમમાં ટીમના દરેક સભ્યોએ ભાગ લેવાનો હતો. ટીમ નં. ૪ આ ગેમમાં ડીસકવોલીફાઇ કરી તૃતીય સ્થાન લીધુ હવે ફાઇનલ ગેમ નં. ૬ (બલુન ફુલાવી સામે દોડી બીજા સભ્ય અને પ્રથમ સભ્ય વચ્ચે રાખતા જવું આ આખી સાંકળ બનાવવી. ટીમના સભ્યોને લઇ સાંકળ પુરી કરવી.) ટીમ નં.-૨ દ્વિતીય સ્થાન લીધું. અને ટીમ નં-૬ વિજેતા બન્યા. દરેક સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

આજરોજના અધ્યક્ષા શ્રીમતિ દિપ્તિ પ્રકાશ મણીલાલ પંચોલી, નારીરત્ન શ્રીમતિ હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી, પ્રમુખ અનુરાધાબેન ચેતન કાપડીયાએ સ્થાન ગ્રહણ કર્યુ. પુષ્પગુચ્છથી અભિવાદન કર્યા બાદ દિપ્તીબેને ઉત્સાહિત કરનારા શબ્દોથી સૌના મન જીતી લીધા.

વિજેતા ટીમોને ઇનામ વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે ભગીની સમાજ દ્વારા સરપ્રાઇઝ ગેમનું આયોજન પણ કર્યુ કુલ ૪૦ સવાલો પુછાયા અને તે માટે પણ ઇનામો અપાયા. આ પ્રસંગે ઉપસ્થિત રહેવા બદલ શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયાએ સૌનો આભાર વ્યકત કર્યો. આજરોજની ગેમ્સમાં ઇનામ સ્પોન્સર કરવા માટે નારીરત્ન હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રીનો આભાર વ્યકત કર્યો.

વિજેતા ટીમોના નામો નીચે મુજબ.....

પ્રથમ - શ્રીમતિ જાગૃતિબેન ચંદ્રવદન મહેતા, શ્રીમતિ વીણા મયૂર મિસ્ત્રી, ગં.સ્વ. કાશ્મીરાબેન અરવિંદભાઇ મિસ્ત્રી-બીલીમોરા, શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી, ચિ. હર્ષિતા હિરલ મિસ્ત્રી.

દ્વિતીય - શ્રીમતિ કેતના મનિષ પંચોલી, શ્રીમતિ ડિમ્પલ નયન મિસ્ત્રી, શ્રી નકુલ ભાવિક કાપડિયા,શ્રી જયદીપ ગિરીશ ઝવેરી, ચિ. લવીના પરાગ મિસ્ત્રી.

તૃતીય - શ્રીમતિ મનિષા ભાવિક કાપડિયા, શ્રીમતિ સુમીત્રાબેન જીતેન્દ્ર મિસ્ત્રી, શ્રીમતિ જયોતિબેન જતિન પંચોલી, શ્રીમતિ દક્ષાબેન કમલેશભાઇ પંચોલી, શ્રી મયૂર જગદીશ મિસ્ત્રી

આજરોજ નવચંડી પ્રસંગે હવનમાં બેસનાર યુગલો....

૧. શ્રીમતિ લીના અને પ્રમુખ રાહુલ જીતેન્દ્ર મિસ્ત્રી-મીરારોડ.

૨. શ્રીમતિ વૈદેહી અને ઉપપ્રમુખ શ્રી વિશાલ કમલ કાપડિયા-મીરારોડ

૩. શ્રીમતિ સોનલ અને મંત્રીશ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મુંબઇ

૪. શ્રીમતિ કવિતા અને શ્રી પ્રતિક કમલેશભાઇ પંચોલી-બોરીવલી.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇની વાર્ષિક સામાન્ય સભા વર્ષ ૭૩ની કાર્યવાહી મંત્રી શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી દ્વારા સાંજે ૪.૩૦ કલાકે લગભગ ૧૫૦ સભ્યની હાજરીમાં સામાન્ય સભાની શરૂઆત કરવામાં આવી. સૌ પ્રથમ પ્રમુખ શ્રી રાહુલભાઇ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી, આજના અધ્યક્ષ શ્રી પ્રકાશભાઇ મણીલાલ પંચોલી, ઉપપ્રમુખ શ્રી વિશાલ કમલભાઇ કાપડિયા, ઉપપ્રમુખ શ્રીમતિ ડિમ્પલ હિરલભાઇ મિસ્ત્રી, શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇના પ્રમુખ શ્રીમતિ અનુરાધાબેન ચેતનભાઇ કાપડિયા, ખજાનચી શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી, આજરોજના અધ્યક્ષા શ્રીમતિ દિપ્તિબેન પ્રકાશભાઇ પંચોલી, યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઇના પ્રમુખ શ્રી નકુલ ભાવિકભાઇ કાપડિયા, અને શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઇના ઓડિટર શ્રી કિરણભાઇ મણીલાલભાઇ પંચોલી, આ સર્વેને મંચ ઉપર આમંત્રિત કરી તેઓને સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરવામાં આવી.

સૌ પ્રથમ વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન દિવંગત થયેલ સભ્યો જેમાં સ્વ. મહેશભાઇ જયંતિલાલ મિસ્ત્રી-કેમ્પસ કોર્નર, ગં.સ્વ. કાંતાબેન બળવંતરાય મિસ્ત્રી-ગોરેગાંવ, સ્વ. શ્રી હર્ષદભાઇ ડાહ્યાભાઇ પંચોલી-બીલીમોરા, સ્વ. શ્રી શાંતીભાઇ છગનલાલ પંચોલી-ગોલદેવળ, સ્વ. શ્રીમતિ વિલાસીનીબેન જીતેન્દ્રભાઇ મિસ્ત્રી નવજીવન સો. ને હાજર રહેલ સભ્યોએ પોતાના સ્થાન પર ઉભા થઇ બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી. ત્યારબાદ રાષ્ટ્રગીત જન-ગન મનનું ગાન કરવામાં આવ્યું.

મંત્રીશ્રી પરાગભાઇ મિસ્ત્રીએ અધ્યક્ષ સ્થાને બીરાજમાન શ્રી પ્રકાશભાઇ મણીલાલ પંચોલીનું સ્વાગત કરી ટુંકમાં પરિચય આપ્યો. પ્રમુખશ્રી રાહુલભાઇ મિસ્ત્રીએ અધ્યક્ષશ્રી પ્રકાશભાઇનું પુષ્પગુચ્છ આપી સ્વાગત કર્યુ. સામાન્ય સભામાં હાજર રહેલ તમામનું સ્વાગત કર્યુ. અને તેઓના સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું. અધ્યક્ષશ્રી પ્રકાશભાઇએ સૌનો આભાર વ્યકત કરી અભિનંદન સહ આર્શીવચનો આપી આજના શુભ પ્રસંગે રૂા. ૧૦,૦૦૦/-ની ભેટ આપી હતી.

મંત્રીશ્રી પરાગભાઇએ વર્ષ ૨૦૧૬-૧૭ની સામાન્ય સભાની મિનિટનું વાંચન કર્યુ. જેને સર્વાનુમતે પાસ જાહેર કરવામાં આવી.

ખજાનચી શ્રી કુંતલભાઇએ વર્ષ ૨૦૧૭-૧૮નો આવક-જાવકનો હિસાબ અને સરવૈયુ રજુ કર્યા. જેને સર્વાનુમતે મંજુરી મળી.

ખજાનચી કુંતલભાઇએ લીલાવતી છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટનો આવક જાવકનો હિસાબ- અહેવાલ અને સરવૈયુ રજુ કર્યુ હતું. જેન સર્વાનુમતે મંજુરી મળી હતી.

શ્રી પંચોલી ભગીની સમાજ-મુંબઇનો વર્ષ ૨૦૧૭-૧૮નો આવક જાવકના હિસાબો અને સરવૈયું શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીએ રજુ કર્યા તેને સર્વાનુમતે મંજુરી મળી.

યુવા મંચ આવિષ્કાર ગ્રુપ-મુંબઇ ૨૦૧૭-૧૮નો આવક જાવકના હિસાબો અને સરવૈયું શ્રીમતિ ડિમ્પલ મિસ્ત્રીએ રજુ કર્યા તેને સર્વાનુમતે મંજુરી મળી.

શ્રી કિરણભાઇ મણીલાલ પંચોલી દ્વારા તેમના માતુશ્રી અને પિતાશ્રીના સ્મરણાર્થે અપાયેલ માતબરદાન રૂા. ૧,૧૧,૧૧૧/- ના વ્યાજમાંથી ૨૦% વપરાશની સ્કીમનો ઉપયોગ જે તે વખતના કારોબારી સભ્યોને ભેટ તરીકે આપવો. જેમાં પ્રમુખશ્રી રાહુલભાઇએ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇના વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન તમામ કાર્યકર્તાઓનો આભાર વ્યકત કરી અભિનંદન આપી ભેટ આપી.

વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન લગ્ન થયેલ દરેક કન્યાઓને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ તેમજ બીજા અન્ય દાતાઓ તરફથી મળેલ વ્યાજ વપરાશની રકમ તથા બીજા અન્ય દાતાઓ તરફથી દરેક કન્યાઓને કન્યાદાન આપવામાં આવે છે. જેમાં આ વર્ષે કુમારી શ્રદ્ધા શૈલેષ પંચોલી-મુંબઇને રૂા. ૮,૩૦૦/- અને કુમારી રિદ્ધિ કમલેશ પંચોલી-બોરીવલીને રૂા. ૮,૮૦૦/- આમ બન્ને કન્યાઓને રૂા. ૧૭,૧૦૦/- કન્યાદાન સ્વરૂપે અર્પણ કર્યા.

એજન્ડા : ૪ મુજબ શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા

પંચોલી નવયુગ શુભચિંતક | શ્રી હરકીશનદાસ ઝીણાભાઇ પંચોલી વ્યારા શીવા ડાઈનીંગ સર્વિસ વ્યારા

લેવાતી નિભાવફંડની રકમમાં વધારો કરાવવા બાબત ચર્ચા, વિચારણા અને મંજુરી - જેની રજુઆત પ્રમુખ શ્રી રાહુલભાઇ દ્વારા કરવામાં આવી. જેમાં ઉગ્ર ચર્ચા-વિચારણા અને વાર્ષિક સામાન્ય સભા વર્ષ ૭૩ ૨૦૧૭-૧૮માં ઉપસ્થિત દરેક સભ્યોની હાજરી મંજુરી, પરવાનગી અને સંપૂર્ણ સંમતી થકી વર્ષ ૨૦૧૮-૧૯થી નિભાવફંડની રકમ રૂા. ૬,૬૬૬/- થી વધારીને રૂા. ૧૦,૦૦૦/-પુરા દરેક આજીવન પુરુષ સભ્યો માટે ફરજીયાત રાખવામાં આવી હતી. તેમજ શ્રી ભગીની સમાજ-મુંબઈની દરેક આજીવન મહિલા સભ્ય માટે આ રકમ રૂા. ૧,૧૧૧/- થી વધારીને રૂા. ૩,૩૩૩/- ફરજીયાત રાખવામાં આવી હતી.

એજન્ડા નં. ૫ - શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈની વિવિધ થાપણ મ્યુચ્યુઅલ ફંડ રોકાણ કરવા અંગે ચર્ચા અને મંજુરી - જેની સવિસ્તાર રજુઆત શ્રી જયદીપ ગિરીશભાઇ ઝવેરી દ્વારા કરવામાં આવી. જેમાં વિવિધ સુચનો, અગત્યની ચર્ચા તેમજ અગત્યની માહિતી થકી અંતમાં એવો નિર્ણય લેવાયો હતો કે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ દ્વારા એક અલગ રોકાણ સંચાલન સમિતિની રચના કરવી અને આ સમિતિના યોગ્ય સલાહ સૂચન અને માર્ગદર્શન હેઠળ ભવિષ્યમાં મ્યુચ્યુલ ફંડમાં રોકાણ કરવું.

એજન્ડા નં. ૩ - વર્ષ ૨૦૧૭-૧૮ સુધીના શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈની સામાન્ય સભામાં પાસ થયેલા અગત્યના ઠરાવો તેમજ બીજા અન્ય મુદ્દાઓ બંધારણમાં ઉમેરો કરવા બાબત રજુઆત મંત્રીશ્રી પરાગભાઈએ કરી હતી. જેમાં તેમણે નવા ઘડાયેલા બંધારણની કોપી સામાન્ય સભા સમક્ષ રજુ કરવામાં આવી. અને તા. ૨૫.૦૩-૨૦૧૮નાં રવિવારના દિને મળેલ સામાન્ય સભા એ આ પુનઃરચિત બંધારણને બહાલી આપી હતી અને તા. ૧.૪.૨૦૧૮ થી શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈનું નવું બંધારણ અમલમાં આવ્યું ગણાશે. એવી ઘોષણા કરવામાં આવી. એ સાથે જ નારીરત્ન માનનીય હસુમતીબેન ડાહ્યાભાઇ મિસ્ત્રી દ્વારા નવા બંધારણના તમામ પ્રિન્ટીંગ ખર્ચની 'સમાજરત્ન' સ્વ. શ્રી ડાહ્યાભાઇ દુલ્લર્ભભાઇ મિસ્ત્રીના સાનિધ્યમાં બંધારણ અર્પણ કરવા અંગે જાહેરાત કરી હતી. તમામ સભ્યોએ તેઓના યોગદાનને તાળીઓના ગડગડાટથી વધાવી લીધા હતાં.

એજન્ડા : ૬ - પ્રમુખશ્રીની મંજુરીથી સભામાં રજુ થાય તે - જેમાં વિધવા સહાય માટેની રકમ જે શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ થકી રૂા. ૩,૭૫૦/- તેમજ એક સદ્‌ગૃહસ્થ તરફથી રૂા. ૧,૦૦૦/- તેમજ શ્રીમાન કૌશલ પ્રમોદભાઇ મિસ્ત્રી તરફથી રૂા. ૧,૦૦૦/- તેમજ માનનીય ચંદ્રકાંતાબેન મધુસુદન કાપડિયા તરફથી રૂા. ૫૦૦/- અને શ્રીમતિ ઇન્દિરાબેન રાજેન્દ્રભાઇ જેકીશનદાસ મિસ્ત્રી-સુરત તરફથી રૂા. ૫૦૦/- આમ દરેક વિધવાઓને રૂા. ૬,૭૫૦ આપવામાં આવ્યા હતાં. વર્ષ દરમ્યાન અપાતી નોટબુક વિતરણ અંગેની માહિતી તેમજ તારીખ સભ્યોને જાણ કરાય હતી. આ કાર્યક્રમ શ્રી નવિનભાઇ લલ્લુભાઇ મિસ્ત્રીની ઓફિસ 'હિરા કેમીકલ્સ' ગોલદેવળ મુંબઇ મુકામે તા. ૧૦.૦૭.૨૦૧૮ અને તા. ૫-૮-૨૦૧૮ના રોજ સવારે ૯.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી આપવામાં આવશે તેની જાણ સભાને કરવામાં આવી.

શ્રી પંચોલી સેવા સમાજ મુંબઈના વર્ષ ૨૦૧૮-૧૯ના નવા પ્રમુખ તરીકે શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રીની વરણી કરવામાં આવી. શ્રી પંચોલી ભગીની સમાજ મુંબઈના નવા પ્રમુખ તરીકે શ્રીમતિ અનુરાધા ચેતન કાપડિયા-મીરારોડની વરણી કરવામાં આવી તેઓએ સ્વેચ્છાએ આ પદ સ્વીકાર્યુ હતું. યુવા મંચ આવિષ્કાર ગ્રુપના વર્ષ ૨૦૧૮-૧૯ના નવા પ્રમુખ તરીકે શ્રી હર્ષ ભાવિક કાપડિયા-મીરારોડની વરણી કરવામાં આવી

મંત્રીશ્રી પરાગભાઈએ આજના રામનવમી નવચંડી યજ્ઞમાં બેસનાર યુગલોના, આજરોજના અધ્યક્ષશ્રી પ્રકાશભાઇ મણીલાલ પંચોલી અને અધ્યક્ષા શ્રીમતિ દિપ્તિબેન પ્રકાશભાઇ પંચોલીનો સામાન્ય સભામાં હાજરી આપવા બદલ તેમજ અગત્યના મુદ્દાઓ પર ચર્ચા-વિચારણા અને મંજુરી દર્શાવવા બદલ તમામ સભ્યોના અને શ્રી પંચોલી સેવા સમાજ મુંબઇ અને યુવા મંચ આવિષ્કાર ગ્રુપ અને શ્રી પંચોલી ભગીની

સમાજના તમામ કાર્યકર્તાઓનો આભાર વ્યક્ત કરી સામાન્ય સભાને બરખાસ્ત કરી સર્વે જ્ઞાતિજનોને રાત્રીભોજન માટે પરવાનગી આપવામાં આવી.

આજના પ્રસંગે મળેલ ભેટ

વિધવા સહાય

૫૫૦૦ ઈન્દિરાબેન રાજેન્દ્રભાઇ મિસ્ત્રી-સુરત
૫૫૦૦ ચંદ્રકાંતાબેન મધુસુદન કાપડિયા-કાંદિવલી
૧૧૦૦૦ કૌશલભાઇ પ્રમોદભાઇ મિસ્ત્રી-ગોરેગાંવ
૧૧૦૦૦ એક સદ્‌ગૃહસ્થ તરફથી-મુંબઇ

કન્યાદાન

૧૦૦૦ મીનાબેન કમલભાઇ કાપડિયા-મીરારોડ
૧૦૦૦ ગંસ્વ. નિરંજનાબેન સુરેશભાઇ મિસ્ત્રી-અંધેરી
૧૦૦૦ અનુરાધાબેન ચેતનભાઇ કાપડિયા-મીરારોડ
૧૦૦૦ ડો. ભૂપેન્દ્રભાઇ ચુનીલાલ પંચોલી-મઝગાંવ
૧૦૦૦ દક્ષાબેન કમલેશભાઇ પંચોલી-બોરીવલી
૧૦૦૦ ઉષાબેન જયંતિલાલ મિસ્ત્રી-નવસારી
૧૦૦૦ જીતુભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી-મીરારોડ
૧૦૦૦ મનિષા ભાવિકકુમાર કાપડિયા-મીરારોડ
૧૦૦૦ જીતેન્દ્ર બળવંતરાય મિસ્ત્રી-નવસારી
૫૦૦ સ્વ. મહેન્દ્રભાઇ ગાંડાભાઇ પંચોલી-કાંદિવલી

હવન નિમિત્તે

૧૫૦૦ રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી
૧૫૦૦ પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી
૧૫૦૦ પ્રતિક કમલેશભાઇ મિસ્ત્રી
૧૫૦૦ વિશાલ કમલભાઇ કાપડિયા

રામનવમી નિમિત્તે

૨૦૦૧ કિરણબેન પ્રિયવદનદાસ મિસ્ત્રી-જોગેશ્વરી
૧૧૧ રમણલાલ જેકીશનદાસ પંચોલી-ગણદેવી
૧૦૧ જયંતિલાલ ચંદુલાલ મિસ્ત્રી-નવસારી
૧૦૧ કિરણ જયંતિલાલ મિસ્ત્રી-બેંગ્લોર
૧૩૫ ઉષાબેન નરેશભાઇ મિસ્ત્રી-ગોરેગાંવ
૧૫૦ રમેશભાઇ દયારામ મિસ્ત્રી-બોરીવલી
૧૦૧ જેન્તિભાઇ મંગુભાઇ મિસ્ત્રી-મુંબઇ
૩૫૧ ગંસ્વ. કાંતાબેન બળવંતરાય મિસ્ત્રી-ગોરેગાંવ
૨૫૧ ઇન્દ્રવદન રમેશભાઇ પંચોલી-કાંદિવલી
૨૫૧ સ્વ. જયંતભાઇ રણછોડભાઇ મહેતા-કાંદિવલી
૩૫૧ રાજેન્દ્રભાઇ રમેશચંદ્ર પંચોલી-દુભાષલેન
૧૫૧ જેન્તિભાઇ મંગુભાઇ મિસ્ત્રિ-મુંબઇ
૧૦૦૦૦ શ્રી પ્રકાશભાઇ મણીલાલ પંચોલી-અંધેરી અધ્યક્ષસ્થાનેથી
૨૫૧ શૈલેષભાઇ ધીરજલાલ પંચોલી-દુભાષલેન શ્રદ્ધાના લગ્ન પ્રસંગ નિમિત્તે
૩૦૦ દક્ષાબેન કમલેશભાઇ પંચોલી-બોરીવલી પ્રતિકના લગ્ન પ્રસંગ નિમિત્તે
૫૦૧ રમિત રશ્મીકાંત મિસ્ત્રી-સનાયાની વર્ષગાંઠ
૩૫૧ ગૌતમ નિતિન મિસ્ત્રી-આ. સભ્ય
૨૫૧ વૈદેહી વિશાલ કાપડિયા-આ. સભ્ય
૨૫૦૦ રશ્મિન મગનલાલ મિસ્ત્રી-બોરીવલી- નિ.ફંડ
૪૧૧ કૌશિક હીરાલાલ પંચોલી-મલાડ નિ.ફંડ
૧૧૧૧ વિશાલ કમલભાઇ કાપડિયા-મીરારોડ લગ્ન પ્રસંગ નિમિત્તે
૯૦૦ વિશાલ કમલભાઇ કાપડિયા-મહેમાન ફી
૬૦૦ પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી-મહેમાન ફી
૩૦૦ મુકેશભાઇ પરમાનંદ પંચોલી-મહેમાન ફી

## પંચોલી સેવા સમાજ-ચાંદોદ

શ્રી પંચોલી સેવા સમાજ, ચાંદોદ તથા સખી મંડળ ચાંદોદની સંયુકત વાર્ષિક સભા તા. ૧૪.૩.૨૦૧૮ના રોજ શશીકાંતભાઇ પંચોલીના નિવાસ સ્થાને રાખવામાં આવી હતી.

પ્રથમ દિવંગત આત્માની શાંતિ અર્થે પ્રાર્થના કરી. ત્યારબાદ મિટિંગની શરૂઆત કરવામાં આવી. પ્રથમ વાર્ષિક હિસાબો રજુ કરવામાં આવ્યા જેને સર્વાનુમતે બહાલી આપવામાં આવી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૈત્ર આઠમના રોજ હવન માટે ચર્ચા વિચારણા કરવામાં આવી. અને સર્વાનુમતે શશીકાંતભાઇ હવનમાં યજમાન તરીકે બેસસે એમ સર્વાનુમતે નકકી કરવામાં આવ્યું. અંતમાં અલ્પાહારને નયાય આપી છુટા પડયા.

તા. ૨૪.૦૩.૨૦૧૮ને શનીવારના રોજ સાંજે પાંચ કલાકે સમાજની વાડીમાં હવનનું આયોજન કરવામાં આવ્યું જેમાં સમાજના સર્વે ભાઇ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો. હવનના અંતે શ્રીફળ હોમી આરતી કરી હવનની

પૂર્ણાહુતી કરવામાં આવી. અંતમાં સર્વે જ્ઞાતિજનોએ સમૂહ ભોજનનો આનંદ માણી છુટા પડયા.

**પંચોલી સેવા સમાજ-છોટાઉદેપુર**

તા. ૨૧.૦૩.૨૦૧૮ ના રોજ શ્રી પંચોલી સેવા સમાજ છોટાઉદેપુરની સામાન્ય સભા મંત્રીશ્રી દિલીપભાઇ મફતભાઇ પંચોલીને ત્યાં મળી હતી. જેમાં ચર્ચા-વિચારણાને અંતે નીચે મુજબના ઠરાવ કરવામાં આવ્યા હતા.

ઠરાવ-૧ છોટાઉદેપુર પંચોલી સેવા સમાજ ચૈત્ર મહિનાની ચૈત્ર સુદ ૮ તારીખ ૨૫-૩-૨૦૧૮ને રવિવારના રોજ ચંડીયજ્ઞ જાગનાથ મંદિર મુકામે ૪.૦૦ કલાકે રાખવો જેમાં સમાજના તમામ જ્ઞાતિજનોને હાજર રહેવું.

ઠરાવ -૨ મિટિંગમાં હાજર રહેલ જ્ઞાતિજનોને ગઇ સાલ કરેલ ઉજવણી દરમ્યાન થયેલ ખર્ચ ની જાણ કરવામાં આવી.

ઠરાવ-૩ સાલુ સાલે ખફખ બેંક માંથી મળેલ વ્યાજના રૂા. ૪,૦૦૦/- માતાજીના હવન કરવા માટે વાપરવા અને રાજીખુશીથી સમાજ તરફથી નોંધાવેલ ડાળાના રૂપિયા મહાપ્રસાદી માટે વાપરવા અને તેનો હિસાબ રાખવો.

અંતે પ્રમુખશ્રીએ મંત્રીશ્રી દિલીપભાઇ અને તેમના પરિવાર જનોએ મિટિંગ તથા અલ્પાહારનું આયોજન કરવા બદલ તથા સમાજના તમામ પધારેલ જ્ઞાતિજનોનો આભાર વ્યકત કરી મિટિંગ પૂર્ણ થયેલ જાહેર કરવામાં આવી.

આજરોજ નીચે મુજબનું દાન મળ્યું.

| | |
|---|---|
| ૨૦૦૧ | વિઠ્ઠલભાઇ છીતાભાઇ પંચોલી |
| ૧૦૦૧ | દિલીપભાઇ મફતલાલ પંચોલી |
| ૧૦૦૧ | વિશાલભાઇ ભૂપેન્દ્રભાઇ પંચોલી |
| ૧૦૦૧ | વિજયકુમાર મફતલાલ પંચોલી |
| ૧૧૦૧ | અતુલભાઇ ઓચ્છવલાલ પંચોલી |
| ૧૦૦૧ | સતિષભાઇ વાડીલાલ પંચોલી |
| ૫૦૦ | જયેશભાઇ ઓચ્છવલાલ પંચોલી |
| ૫૦૦ | ચંદ્રકાંતભાઇ નગીનભાઇ પંચોલી |
| ૫૦૦ | મુકેશભાઇ નગીનભાઇ પંચોલી |
| ૫૦૦ | રમેશચંદ્ર મોહનલાલ પંચોલી |
| ૫૦૦ | મહેશકુમાર ગોવિંદલાલ પંચોલી |
| ૫૦૦ | રમેશચંદ્ર હસમુખલાલ પંચોલી |
| ૫૦૦ | વિઠ્ઠલભાઇ અંબાલાલ પંચોલી |
| ૫૦૦ | બળદેવભાઇ પરસોત્તમભાઇ પંચોલી |
| ૫૦૦ | હરીવદનભાઇ ઓચ્છવભાઇ પંચોલી |
| ૫૦૦ | નરેન્દ્રભાઇ રમણભાઇ પંચોલી |
| ૫૦૦ | ભીખાભાઇ પરસોત્તમભાઇ પંચોલી |
| ૫૦૦ | સુભાષભાઇ રમણલાલ પંચોલી |
| ૫૦૦ | રાજુભાઇ સુમનભાઇ પંચોલી |
| ૧૦૧ | શારદાબેન નગીનભાઇ પંચોલી |
| ૫૦૦ | શીલાબેન અરવિંદભાઇ પંચોલી |
| ૩૦૧ | અરવિંદભાઇ ગણપતભાઇ પંચોલી |

**પંચોલી સમાજ-વડોદરા**

શ્રીમતિ પુષ્પાબેન બાબુભાઇ મપારા તરફથી પંચોલી સમાજ વડોદરાને શૈક્ષણિક ફંડમાં રૂા. ૫૦૦/- દાનમાં મળ્યા.

**શ્રી પંચોલી સમાજ, સંખેડા**

તા. ૨૫.૦૩.૦૧૮ને રવિવારના રોજ રામનવમીના દિવસે સંખેડા પંચોલી સમાજની વાર્ષિક સભા, ઉજાણી અને વર્ષ ૨૦૧૬-૧૭ના ઉર્તિણ થયેલ વિદ્યાર્થીઓને ઇનામ વિતરણનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આજની સભાનું પ્રમુખસ્થાન ઉપપ્રમુખશ્રી પંચોલી પ્રવિણભાઇ કાંતિલાલ તથા અતિથિવિશેષશ્રી પંચોલી મનિષકુમાર-ભારત પેટ્રોલ પંપવાળાએ શોભાવ્યું હતું. નાના બાળકોએ સુંદર ગીત, નૃત્ય અને મીમીક્રી રજુ કરી સૌને આનંદ કરાવ્યો હતો.

હાજર રહેલ મહાનુભાવો દ્વારા શીશુ ૧ થી ધો. ૧૨ સુધીના બાળકોને ઇનામ વિતરણ કરવામાં આવ્યું હતું.

શૌર્ય જયદીપ પંચોલી
વૃતાંશી વિશાલ પંચોલી
દેવાંશી વિશાલ પંચોલી
જલ કૌશિક પંચોલી
વિદ્ધિ હેમંતભાઇ પંચોલી

| | | |
|---|---|---|
| ધો.૨ | ઓમ ધર્મેશભાઇ પંચોલી | ૮૨.૬ |
| ધો.૩ | રિદ્ધિ અનિલભાઇ પંચોલી | ૯૩.૭૫ |
| | વૈકુંઠ આશિષભાઇ પંચોલી | ૮૨ |
| ધો.૪ | અંકિત મનોજભાઇ પંચોલી | ૯૬.૩ |
| | ઉન્નતી મયૂરભાઇ પંચોલી | ૯૫.૨૨ |
| ધો.૬ | મીતાંશી અનિલભાઇ પંચોલી | ૯૦.૭૫ |
| | કૃપાલી જયેશભાઇ પંચોલી | ૯૦.૩૬ |

| | | |
|---|---|---|
| | દેવ પ્રવિણભાઇ પંચોલી-બોડેલી | ૭૫.૮૩ |
| ધો.૭ | પૂર્વી જીજ્ઞેશભાઇ પંચોલી | ૮૬.૨૮ |
| ધો.૮ | દિયા જીગ્નેશભાઇ પંચોલી | ૮૯.૮૧ |
| | સુજલ જયેશભાઇ પંચોલી | ૮૮.૯૭ |
| | યશ કિરીટકુમાર પંચોલી | ૬૫ |
| | શિવમ પ્રવિણચંદ્ર પંચોલી | ૬૫ |
| ધો.૯ | કિરણ ધર્મેશભાઇ પંચોલી | ૬૨.૭૧ |
| | ખુશી મહેશભાઇ પંચોલી | ૫૭.૫૭ |
| ધો.૧૧ | ચાર્મી મયુરભાઇ | ૮૭.૦૮ |

શાલીની ભુપેન્દ્રભાઇ પંચોલી

ત્યારબાદ ઉજાણી અને શિક્ષણ વિભાગના હિસાબો રજુ કર્યા જે સર્વાનુમતે મંજુર કરવામાં આવ્યા.

પ્રમુખ શ્રી કિશનભાઇએ વાડી માટે ફાયબરની ખુરશીઓની જરૂર હોય એ માટે સર્વેને અપીલ કરવામાં આવી. તેના પ્રતિસાદ રૂપે સર્વેએ સહકાર આપવાની આપી હતી. અંતમાં સમૂહભોજનને ન્યાય આપી સર્વે છુટા પડયા હતાં.

# મહિલા સમાચાર

## તેજસ્વીની મહિલા મંડળ-વડોદરા

તેજસ્વીની મહિલા મંડળની સામાન્ય સભા શ્રીમતિ નીતાબેન એસ. ના નિવાસસ્થાને તા. ૯.૪.૨૦૧૮ને સોમવારે મળી. કોલ્ડડ્રીંકસથી સૌનું સ્વાગત કરવામાં આવ્યું. શરૂઆત અવધૂતદાદાની પ્રાર્થનાથી કરવામાં આવી. નામી-અનામી દિવંગત આત્માની શાંતિ અર્થે મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પી.

મંત્રી શ્રીમતિ સપનાબેને ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. એપ્રિલમાસમાં આવતી બર્થડે અને એનીવર્સરી વિશ કરવામાં આવી. ગુજરાત સ્થાપ્ના દિનની ઉજવણી એડવાન્સમાં કરવામાં આવી. જેના વિજેતા શીલાબેન અને પ્રજ્ઞાબેન થયા. નીતાબેને ૨ મિનિટની ગેમ રમાડી જેના વિજેતા જયોતિબેન એસ. અને સુરેખાબેન થયા. બન્ને ગેમના નિર્ણાયક તરીકે નીતાબેને સેવા આપી હતી.

આજરોજ શરબત કોમ્પીટીશન રાખવામાં આવી હતી. સુંદર પ્રેઝન્ટેશન સાથે બધાએ રજુઆત કરી. જેના વિજેતા હર્ષાબેન, લીનાબેન તથા આનંદીબેન થયા. અંતમાં હાઉસી રમ્યા અને વિજેતા બેનોને નીતાબેન અને સુરેખાબેને ઇનામ આપી નવાજ્યા.

અંતમાં ગુજરાતીમેનું દાળપ ભાત, શાક, લાડુ, પુરી, ભજીયા એ ન્યાય આપ્યો. મે માસની મિટિંગ નીમાબેનને રાખવાનું નકકી કરવામાં આવ્યું. નીતાબેનનો આભાર વ્યકત કરી છુટા પડયા.

ખાસ નોંધ : તા. ૧૩.૪.૨૦૧૮ને શુક્રવારના રોજ સવારે ફુલ ડે પિકનિકમાં મહિલા મંડળની સર્વે બહેનો હાજર રહી હતી. પોર, કારવણ, તથા નારેશ્વર તથા નર્મદા સ્નાન કરી અવધૂત દાદાની આરતી પૂજન કરી વિવિધ સ્થળોના દર્શન કરી રાત્રે પરત ફર્યા..

## શ્રી પંચોલી મહિલા મંડળ-અંકલેશ્વર

તા. ૧૩.૦૪.૨૦૧૮ના રોજ મહિલા મંડળની મિટિંગ ભાવના મલય મિસ્ત્રીના નિવાસ સ્થાને મળી. પ્રથમ સમૂહ પ્રાર્થનાથી મિટિંગની શરૂઆત કરવામાં આવી. શ્રી છગનભાઇ આત્મારામ મિસ્ત્રીના અવસાન નિમિત્તે બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી આપવામાં આવી.

મંત્રીશ્રીએ ગત મિટિંગનો અહેવાલ વાંચી સંભળાવ્યો. ત્યારબાદ વન મિનિટ ગેમ રમ્યા જેમાં ૫૦ વર્ષની ઉપરનામાં દક્ષાબેન દિનેશભાઇ અને ૫૦ વર્ષથી નીચેમાં બિનીતાબેન હેમેન્દ્રભાઇ પ્રથમ અને ભાવના મલય મિસ્ત્રી દ્વિતીય વિજેતા બન્યા.

પ્રમુખ શ્રીમતિ મીનાબેન છગનલાલ મિસ્ત્રીનો પ્રમુખ તરીકેનો કાર્યકાળ પુરો થતો હોવાથી નવા પ્રમુખ તરીકે શ્રીમતિ સ્નેહાબેન પારસભાઇ મિસ્ત્રીની સર્વાનુમતે વરણી કરવામાં આવી.

મે મહિનામાં ફેકટરી વિઝીટ કરવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી ત્યારબાદ અંદાડા સ્થિત 'તથાગત' ખાખરા ફેકટરીની વિઝીટ લેવાનું નકકી કરવામાં આવ્યું જેની તારીખ અને સમય પાછળથી જાણ કરવામાં

આવશે.

સ્વ. વિઠ્ઠલભાઇ સોમાભાઇ પંચોલીની જન્મ શતાબ્દિ નિમિત્તે રૂા. ૨૦૦/- સ્વ. જેકોરબેન વી. પંચોલી પરિવાર તરફથી હસ્તે જ્યોતિબેન ચેતનભાઇ પંચોલી તરફથી મળ્યા... આભાર...

આગામી મિટિંગ પા. ૫.૫.૨૦૧૮ના રોજ જાગૃતિબેન સંજયકુમાર પંચોલીને ત્યાં રાખવાનું નક્કી કરી અંતમાં અલ્પાહાર અને જયુશને ન્યાય આપી છુટા પડ્યા..

**શ્રી પ્રગતિ મહિલા મંડળ-વ્યારા**

તા. ૧૫.૪.૧૮ના રોજ પંચોલી વાડીમાં પ્રગતિ મહિલા મંડળની સભા રાખવામાં આવી હતી. હેતલ બેને સૌ બહેનોને આવકાર્યા. જ્યોત્સનાબેને પ્રાર્થના રજુ કરી. ધનસુખભાઇને શ્રદ્ધાંજલી આપવામાં આવી.

બર્થડે તથા એનીવર્સરી વિશ કરવામાં આવી. જયશ્રીબેને સરપ્રાઇઝ ગેમ રમાડી જેના વિજેતા પ્રવિણાબેન ગાંધી બન્યા. પારૂલબેન, રીનલબેન તથા ભાવનાબેને વન મિનિટ ગેમ રમાડી જેના વિજેતા સીમાબેન પ્રથમ અને યોગીતાબેન દ્વિતીય ક્રમે આવ્યા. મે માસ દરમ્યાન મિટિંગ રાખવામાં આવી નથી. જૂન મહિનામાં વાર્ષિક મિટિંગ તા. ૧૭.૦૬.૨૦૧૮ના રોજ રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

તા. ૨૪.૪.૧૮ના રોજ એક આંગળવાડીની મુલાકાત લેવામાં આવી. જેમાં અભ્યાસ કરતા બાળકોને મફીન્સ, ચોકલેટ, ચેવડો તથા એક દાતાશ્રી તરફથી પેન, કલર, નોટબુક, પેન્સીલ, ઇરેઝર વગેરેનું વિતરણ કરવામાં આવ્યું. અંતમાં વડાપાંઉને ન્યાય આપી છુટા પડયા.

આજનું દાન
બર્થડે નિમિત્તે
૧૦૦ કુસુમબેન શાંતિલાલ પંચોલી
૫૧ વર્ષાબેન ભદ્રેશભાઇ મિસ્ત્રી
એનીવર્સરી નિમિત્તે
૫૦ પદમાબેન હસમુખભાઇ પંચોલી
૫૧ ઇન્દિરાબેન અશોકભાઇ ગાંધી
૫૦ વર્ષાબેન ભદ્રેશભાઇ મિસ્ત્રી તરફથી પૌત્ર જન્મ નિમિત્તે..

## એકવાર જાવુ હરિના ધામમાં



બરકાલ નિવાસી ગં.સ્વ. જશોદાબેન ઠાકોભાઇ પંચોલી તા. ૧૩-૦૪-૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ. ૮૧



સુરત-ઉધના કૈલાસબેન હસમુખલાલ પંચોલી તા. ૧૯-૦૪-૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા..



સુરત(મુંબઇ) નિવાસી અશ્વિનભાઇ હરીશભાઇ પંચોલી તા. ૧૫-૦૪-૨૦૧૮ના રોજ હરીના ધામમાં ગયા.. ઉ.વ. ૬૦



ભાટપુર નિવાસી ચક્ષુદાતા શ્રી નગીનદાસ પિતાંબરદાસ પંચોલી તા. ૨૫-૦૩-૨૦૧૮ના રોજ હરી ના ધામમાં ગયા..






## ટીપે ટીપે સરોવર ભરાય

૨૦૧/- ભાટપુર નિવાસી ચક્ષુદાતા શ્રી નગીનદાસ પીતાંબરદાસ પંચોલીતા. ૨૫.૩.૨૦૧૮ના રોજ શ્રીજી ચરણ થયા તે નિમિત્તે પરિવારજનો તરફથી.

૨૦૦/- વડોદરા નિવાસી શ્રીમતિ રૂપલબેન તથા શ્રી ગોવિંદભાઇ ના સુપુત્ર હાર્દિકના શુભ લગ્ન પ્રસંગ નિમિત્તે.

૨૫૦/- અંકલેશ્વર નિવાસી શ્રીમતિ નીતાબેન તથા શ્રી મૌલિકકુમાર એમ. મિસ્ત્રી તરફથી પુત્રી રીવાંશીની દ્વિતીય બર્થડે નિમિત્તે..

## હેપી મેરેજ એનીવર્સરી



વ્યારા નિવાસી શ્રીમતિ મધુબેન અને શ્રી દિનેશચંદ્ર છોટાલાલ પંચોલી તા. ૮.૫.૨૦૧૮ના રોજ લગ્નજીવનના ૫૦ વર્ષ પૂર્ણ કરે છે એ નિમિત્તે સમગ્ર પંચોલી સમાજ સુખી લગ્નજીવનની હાર્દિક શુભકામનાઓ પાઠવે છે.



## હેપી બર્થડે....

ચિ. રીવાંશી મૌલિકકુમાર
મિસ્ત્રી-અંકલેશ્વર
તા. ૨૧.૦૫.૨૦૧૬

## કુર્યાત સદા મંગલમ્



વડોદરા નિવાસી શ્રીમતિ રૂપલબેન તથા શ્રી ગોવિંદભાઇ ના સુપુત્ર ચિ. હાર્દિકના શુભલગ્ન તેજગઢ નિવાસી શ્રીમતિ શર્મિષ્ઠાબેન અને શ્રી મધુસુદનભાઇ ની સુપુત્રી ચિ. નિરાલી સાથે તા. ૨૮.૧૧.૨૦૧૭ના રોજ થયા.

Book-Post

**Printed Book**

Publisher and Printer **Dineshbhai Mistry** on behalf of **Shri Pancholi Seva Samaj Mahamandal**
**Printed** : **Akshar Printers,** 2/3, Ajit Estate, B/h. Old Dena Bank, Opp. Dr. Back & Co, GIDC, Ankleshwar-393 002. Dist Bharuch.
**Published** : 302, Subham Residency, Precom Compound, B/h. Rajkamal Arcade, GIDC. Ankleshwar-2
**Editior : Dineshbhai Mohanlal Mistry Mo. : 98241 71930, 98240 64282. Email : pancholinavyug@gmail.com**